



# શ્રી સત્યનારાયણ પ્રભુ ની મહાકથા

# શ્રી ગણેશાય નમ:

# શ્રી સત્યનારાયણ પ્રભુ ની મહાકથા

એક વખતે નૈમિષારણ્ય માં રહેનારા શૌનાકાદિ ઋષિઓએ સુતપુરાણિ ને પ્રશ્ન કર્યો કે કયુ વ્રત કરવા થી ઈચ્છિત ફળ પ્રાપ્ત થાય છેં તે જણાવો. શૌનાકાદિ ઋષિઓ નો પ્રશ્ન સાભંળી ને સુતજી કહે છે, આજ પ્રશ્ન નારાદમુની એ વિષ્ણુ ભગવાનને કર્યો હતો અને વિષ્ણુ ભગવાને નારદમુનીને કહ્યુ હતુ કે શ્રી સત્યનારાયણ નુ વ્રત ઘણુ પુણ્ય આપવાવાળું મનુષ્યલોક્માં અને સ્વર્ગલોક્માં પણ દુર્લભ છે. સત્યનારાયણ નું વ્રત ઉત્તમ પ્રકારે અને વિધિપૂર્વક કરવાથી માણસ તત્કાળ સુખ પામશે અને દેહ છુટ્યા પછી પરલોક્માં મોક્ષ પામશે. આ સત્યનારાયણ નુ વ્રત દુ:ખ, શોક વગેરે ને મટાડનાર અને ધન ધાન્યને વધારનાર એવુ ઉત્તમ ફળ આપનાર છે. આ વ્રત સ્ત્રીઓને સૌભાગ્ય અને સંતતિ તેમજ પુરુષો ને વિજય આપવાવાળુ છે. નૈવેદ માં કેળા, શીરો સવાયા માપે બનાવી ધરવો અને શ્રી સત્યનારાયણ વ્રતકથા પોતાના સગાવહાલા ઈષ્ટ મિત્રો સાથે સાંભળવી. આ રીતે આ વ્રત જે કોઇ કરશે તેની મનોકામના સિદ્ધ થશે.

સુતજી કહે છે "બીજી એક કથા કહું છું, કાશીક્ષેત્ર માં રહેનારો એક બ્રાહ્મણ ખુબજ ગરીબ હતો. ભુખ્યો અને તરસ્યો કાશીક્ષેત્ર માં ભીખ માંગી ખાતો હતો. તે બ્રાહ્મણને સત્ય સ્વરૂપ ભગવાને ઘરડા બ્રાહ્મણનુ સ્વરૂપ લઈને સત્યનારાયણની કથા નો સાર સમજાવી અદ્રશ્ય થયા. બીજે દિવસે સવારે બ્રાહ્મણે વ્રત કરવાનો સંક્લ્પ કરી હંમેશ મુજબ ભિક્ષા માંગવા નીકળી પડ્યો અને તેને રોજ કરતા બમણું દ્રવ્ય મળ્યુ અને તે સાથેજ તેણે સગાવહાલા ઈષ્ટ મિત્રો સાથે શ્રી સત્યનારાયણ ની કથા કરી અને થોડા જ દિવસો માં અગણિત સંમ્પતિ નો માલિક થયો. એક દિવસ તે બ્રાહ્મણ નિયમ પ્રમાણે શ્રીસત્યનારાયણ નું વ્રત કરતો હતો. એવામાં એક કઠિયારો લાકડાનો ભારો લઈ એ ઠેકાણે પહોચ્યો. તરસ્યો હતો તો પણ એક ચિત્તેથી તેણે બ્રાહ્મણે કરેલુ પૂજન જોયુ અને એની વિધિ સમજી લઈ પોતાના નગર તરફ રવાના થયો. બીજે દિવસે ભારો વેચવા સારુ જતી વખતે મનમાં સત્યનારાયણ કથા કરવા નો સંકલ્પ કરી એક સુંદર નગર માં કે જ્યાં શેઠ-સાહુકાર લોકો રહેતા તે મહોલ્લા માં આવ્યો અને ત્યાં એક શેઠે બમણી કિંમત આપી ભારો ખરીદી લીધો. બમણી કિંમત મળતા વાર જ ઘણો આંનદ પામી પૂજા ની સામગ્રી લઈ ને ઘેર આવી સગાવહાલા ઈષ્ટમિત્ર તથા બ્રાહ્મણ ને બોલાવી વિધિપૂર્વક વ્રત કર્યુ અને અંતે વૈકુંઠ ને પામ્યો.

સુતજી કહે છે "હે શૌનકાદિ રૃષિઓ, ફરી આપને શ્રીસત્યનારાયણદેવ ના વ્રત ની કથાનો બીજો ઈતિહાસ કંહુ છું તે તમે સાંભળો, પૂર્વે ઉલ્કામુખ નામનો રાજા પૃથ્વી નુ પાલન કરનાર પોતાની પત્ની સાથે ભદ્રશિલાનદી ને તિરે શ્રી સત્યનારાયાણનુ વ્રત કરતો હતો, એવા માં તે નદી ને કાંઠે સાધુ નામનો એક વાણિયો વેપાર અર્થે ત્યાથી નિકળ્યો. રાજા રાણી ને વ્રત કરતા જોઇ તેમની પાસે આવી વિનતીં પૂર્વક ઘણીજ નમ્રતાથી પ્રશ્ન કરવા લાગ્યો આપ શેંનુ વ્રત કરો છો અને એથી શો લાભ થાય છે? રાજાએ કહ્યૂ આ વ્રત કરવાથી સંપતિ તથા સંતતીની પ્રાપ્તિ થાય છે. એવુ રાજા નુ વચન સાંભળી સાધુ વાણિયા વ્રતની વિધિ સમજી લઈ ઘરે આવી ને પોતાની પત્ની લીલાવતી ને વ્રતની વાત કહી ને સંકલ્પ કર્યો કે જ્યારે મને સંતતિ થશે ત્યારે ચોક્ક્સ વ્રત કરીશ. સમય જતા તેને ત્યા એક કન્યા જન્મી તેનુ નામ કલાવતી રાખવામા આવ્યુ. લીલાવતીએ પોતાના સ્વામીને વ્રત કરવા કહ્યુતો સાધુ વાણિયાએ સમજણ આપી કે કન્યાના વિવાહ સમયે કરીશું. કન્યા વિવાહ યોગ્ય થઈ સાધુ વણિયા ના

કહેવા પ્રમાણે મુનિમ કાંચન નગરથી એક વણિક્પુત્રને લઈને આવ્યો તે યોગ્ય લાગતા સાધુ વાણિયા કન્યા ને વિવાહ એ વણિક પુત્ર સાથે કર્યા પણ કર્મ ના અંતરાય કરીને સાધુવાણિયો શ્રી સત્યનારાયણનુ વ્રત કરવાનુ ભુલી ગયો, જેથી કરીને તેને ઘણા દુ:ખોનો સામનો કરવો પડ્યો. લગ્ન પછી સાધુ વાણિયો જમાઈ ને લઈ ને રત્નસારપૂરી નામના નગરમાં વેપાર અર્થે ગયો. ત્યાના ચન્દ્રકેતુ રાજા નો ખજાનો ચોરી ચોરલોકો સાધુવાણિયા ના ઘર માં છુપાઇ ગયા. પાછળ રાજા ના સિપાઇ ને આવતા જોઇ સાધુ વાણિયા ના ઘર માં ધન નાખી ચોર લોકો ત્યા થી નાંશી ગયા. સિપાઇઓ સાધુ વાણિયા ને ત્યા રાજાનો ખજાનો જોઇ સાધુ વાણિયા તથા જમાઇ ને ચોર સમજીને કેદ કરીને રાજા પાસે લઈ આવ્યા. શ્રી સત્યદેવ ની માયાથી મોહિત થઈ રાજાએ પણ કોઇ નું સાંભળ્યુ નહી અને અવિચારે ચોરાયલુ ધન તેસાથે સાધુ વાણિયાનુ ધન પણ લઈ લીધુ. બીજી તરફ શ્રી સત્યદેવ ના શાંપ થી સાધુ વાણિયાની સ્ત્રી પણ ઘણી દુ:ખી થઈ અને પોતાના ગામે પોતાના ઘર માં મુકેલુ ધન ચોરો લઈ ગયા. અને પછી તે ઘણા દુઃખથી અને ઘણી તરસ તથા ભુખ થી ઘેરઘેર ભીખ માંગી ખાતી. એક દિવસે કન્યા કલાવતી ઘણીજ ભુખ આકૂળવ્યાકૂળ એક બ્રાહ્મણને ના ઘરમાં ગઈ ત્યા શ્રી સત્યનારાયણ નુ વ્રત તથા પૂજન થતુ હતુ તે જોયુ અને પ્રસાદ લઈ ને દરરોજ કરતા ઘણી જ મોડી પોતાના ઘેર આવીને માતા લીલાવતી ને વ્રત ની વાત કરી . એવુ તે કન્યા કલાવતી નુ બોલવુ સાંભળીને સાધુવાણિયાની સ્ત્રી લીલાવતી શ્રી સત્યનારાયણ નુ વ્રત કરવા સારુ તત્પર થઈ. પછી પોતાના સગાવહાલાઓને બોલાવીને શ્રી સત્યનારાયણનુ વ્રત કરવા લાગી અને પૂજન કરતી વેળા હરઘળી એવો વર માંગતી કે મારા પતિ તથા જમાઈનો અપરાધ ક્ષમા કરો અને પ્રશન્ન થાઓ. એવી વારંવારં પ્રાથનાથી પ્રશન્ન થઈ સત્યનારાયણ ભગવાને ચન્દ્રકેતુ રાજાને સ્વપ્ન માં આવીને આજ્ઞા કરી કે બન્ને વણિક પુત્રો ને બંધનમુક્ત કરો, લીધુ છે એથી બામણુ દ્રવ્ય આપી ખુશ કરીને વિદાય કરો. રાજાએ તે પ્રમાણે કરતા બન્ને વણિક્પુત્રોએ રાજા ને નમસ્કાર કરી કહ્યુ કે તમારી કૃપા થી અમે અમારા દેશ જઈશું. અને પછી મંગળયુક્ત યાત્રાકરવાની તૈયારી કરી. દરિયા કિનારે સાધુવાણિયાનુ વહાણ લંગારેલુ જોઇ શ્રી સત્યનારાયણ ભગવાનને તેના વહાણ માં શું છે તે પુછવાની ઈચ્છા થઈ સંન્યાસીબાવાનુ રૂપ લઈ બન્ને વણિકપુત્રો ને પુછયુ કે "તમારા વહાણ માં શું છે?" બંદીખાને થી હમણાજ છુટેલો સાધુવાણિયો સંન્યાસીબાવાની મશ્કરી કરી ને કહેવા લાગ્યો કે અમારા વહાણ માં તો વેલા તથા પાંદડા છે. એવુ સાધુવાણિયાનુ વચન સાંભળી ને સત્યનારાયણ ભગવાન "તથાસ્તુ" કહીને ત્યાથી આઘે ચાલ્યા ગયા. પોતાનુ નિત્યકર્મ કરી સાધુવાણિઓ પોતાના વહાણ માં જુએ છે તો વેલા તથા પાંદડા છે તે જોઈને શોક થી ભોય પર પડી ગયો પછી થોડી વારે ભાનમા આવ્યો ત્યારે જમાઈ કહે છે કે હમણાજ આવેલા સંન્યાસીબાવા એ શાપ આપ્યો છે અને એમનાજ કહેવાથી આ થયુ હશે, માટે આપણે એમની પાસે જઈએ અને માફી માંગીયે એવુ જમાઈનુ બોલવુ સાંભળી સાધુવાણિક સંન્યાસીબાવા પાસે જઈ પોતાના અપરાધની ક્ષમા માંગવા લાગ્યો. આવુ જોઈ સંન્યાસીબાવા કહે છે "અરે વાણિયા, તુ રડીશ નહી મારી પૂજા થી તુ બર્હીમુખ થયો છે." પછી સાધુવાણિયા ને મનવાંન્છિત ફળ આપી અંતરધ્યાન થયા એટલા માં સાધુવાણિયો જુવે છે તો પોતાનુ વહાણ પ્રથમ પ્રમાણે ધન થી ભરેલુ છે. એ જોઈ ને ખુશ ખુશ થઈ સત્યનરાયણને પ્રાથના કરી, વ્રત કરવાનુ વચન આપી પોતાના દેશ તરફ રવાના થયો. પોતાની નગરી ની નજીક નદી કિનારે વહાણ લંગારીને ઘરે ખબર મોકલ્યા, તે સાંભળી સાધુવણિયા ને સ્ત્રી ઘણા હર્ષ વાળી થઈ પોતાની પુત્રી કલાવતી ને શ્રી સત્યનારાયણ ને વ્રત કરી નદીકિનારે આવાનુ જણાવી પ્રથમ પોતે પોતાના સ્વામી નું દર્શન કરવા આવી, કલાવતી વ્રત ની સમાપ્તિ કરી, પ્રસાદ લીધા વગર પોતાના સ્વામીનુ દર્શન કરવા નદી કિનારે આવી, તે અપરાધે કરીને શ્રી સત્યદેવ તેના પર કોપાયમાન અને જમાઈ અને ધન જે વહાણમાં હતા તે વહાણ દરિયા માં અદ્રશ્ય થઈ ગયુ. કલાવતી કન્યાએ પોતાના સ્વામીને દિઠો એટલે તે મુર્છીત

થઈ ભોય પર પડી. થોડી વારે ભાન મા આવતા પોતાનો પતી મરી ગયો છે એવુ ધારી તેની પાદુકાઓ લઈને પોતે સતી થવાને તૈયાર થઈ એ જોઈ સાધુવાણિયો તથા તેની સ્ત્રી શ્રી સત્યનારાયણની પ્રાથના કરે છે ત્યારે આકાશવાણી થાય છે કે તારી કન્યા મારુ પૂજન કરી પ્રસાદ લીધા વગર પોતાના સ્વામી ને જોવાના મોહથી ઊતાવળે અંહીયા આવી માટે જો એ ઘેર જઈને પ્રસાદ લઈ ને પાછી આવશે તો પોતાના પતીને પામશે. તે પ્રમાણે કરતા કલાવતી ને પોતાનો સ્વામી નજરે પડ્યો તે પછી સાધુવાણિયો ઘંણુ ધન ખર્ચીને પોતાના સગાવહાલા ઈષ્ટમિત્રો સાથે દરેક પૂનમ તથા સુર્ય સંન્ક્રાતી ના દિવસે શ્રી સત્યનારાયણ નુ પૂજન કરતો. અને અન્તે સુખી થઈ ને સત્યપૂર વિશે ગયો.

સુતજી ૠષિમુનીઓને શ્રી સત્યદેવ વિશે બીજી એક કથા કહે છે તુંગધ્વજ નામનો રાજા એક વખત હરણનો શિકાર કરવા વનમા ગયો. શિકાર કરી વનમા એક વડ ના ઝાડ નજીક આવ્યો જ્યા ગોવાળીયાઓ ભક્તિપૂર્વક શ્રી સત્યદેવનુ વ્રત કરતા હતા. રાજા તેમની પાસે ગયો પણ નહી તેમજ દૂર થી નમશ્કાર પણ ન કર્યા. કથા કર્યા પછી ગોયળીયાઓએ પ્રસાદ રાજા પાસે મુક્યો, રાજાએ પ્રસાદ ન લેતા ત્યાજ રહેવા દિધો જેથી કરીને તેને ઘણા દુઃખોનો સામનો કરવો પડ્યો તેન સો પુત્રો મરી ગયા, ધન-ધાન્ય આદિ જે કાઇ હતુ તે જતુ રહ્યુ, ત્યારે રાજા ના મન મા વિચાર આવ્યો આ સર્વ શ્રી સત્યદેવે તો હરણ નહી કર્યુ હોય. તે પછી તે વન મા આવ્યો ગોપગણો સાથે કથા કરી પ્રસાદ લઈને પોતાના શહેર માં આવ્યો તો બધી વાતે શાંતી થઈ અને સારી રીતે રાજ્ય કરી સત્યલોક વિશે ગયો.

આવુ દુર્લભ શ્રી સત્યનારાયણ નું વ્રત જે કોઈ ભક્તિપુર્વક કરશે તેને ફળ આપનાર શ્રી સત્યદેવ સમર્થ છે. શ્રી સત્યનારાયણના પ્રસાદ થી ધનસંપત્તિ પ્રાપ્ત થાય છે. દરિદ્ર હોય તેને ધન મળે છે બંદીખાને પડ્યો હોય તો બંધનમાંથી મુક્ત થાય છે. જેને ભય પ્રાપ્ત થયો હોય તે ભય થકી મુક્ત થાય છે એમા કોઇ પણ સંદેહ નથી. સુતજી કહે છે આ વ્રત કરવા થી બધા દુઃખો થી માણસ મુક્ત થાય છે. ખાસ કરીને આ ઘોર કળયુગમા શ્રી સત્યનારાયણની કથા ફળ આપનારી છે. કેટલાક તેમને કાળ કહે છે કેટલાક સત્ય ઈશ્વર કહે છે કોઇ સત્યનારાયણ કહે છે કોઇ સત્યદેવ કહે છે. એકજ પ્રભુ અનેક જાતના રૂપો ધરી બધાને મનવાંન્છિત ફળ આપે છે. હે મુનિશ્વરો હવે હું જેમણે પુર્વે સત્યનારાયણ નું વ્રત કર્યુ તેમના પુનર્જન્મ કયા કયા થયા તે તમને કહું છું. શતાનંદ નામનો બ્રાહ્મણ સત્યનારાયણનુ વ્રત કરવાથી બીજા જન્મમાં સુદામા નામનો બ્રાહ્મણ થયો, લાકડાના ભારાવાળો ભીલ સત્યનારાયાણનુ વ્રત કરવાથી બીજા જન્મમાં દશરથ નામનો રાજા થયો, સાધુવાણિયો શ્રી સત્યનારાયણનુ વ્રત કરવાથી બીજા જન્મમાં મયૂરધ્વજ નામનો રાજા થયો, એ રાજા પાસે ભગવાને અર્ધુ શરીર માગ્યું અને પોતાનુ અર્ધુ શરીર કરવત વડે વેરાવી ભગવાને અર્પણ કર્યુ અને મોક્ષ ને પામ્યો. તુંગધ્વજ રાજા સત્યનારાયણ નુ વ્રત કરવાથી બીજા જન્મમાં સ્વયંભૂ મનુ થયો અને પોતાની પ્રજા ને સુખ આપી ભગવાની ભક્તિ કરી અંતે વૈંકુઠ ગયો

**અચ્યુતં કેશવં રામનારાયણં, કૃષ્ણદામોદરં વાસુદેવં હરિમૂ,**

**શ્રીધરં માધવં ગોપીકાવલ્લભં, શ્રી જાનકીનાયકં રામચંદ્ર ભજે.**

સૌજન્ય : જંયન્તિલાલ કરમશી ઊનડકટ